सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ રજુ તારીખ | **૦૪–૦૭–૨૦૨૨** |
| નોધ્યા તારીખ | **૦૪–૦૭–૨૦૨૨** |
| ફેસલ તારીખ | **૧૮–૦૩–૨૦૨૬** |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |
| | **૦૩ ૦૮ ૧૪** |

---

**દેત્રોજના મહે. પ્રિન્સીપાલ સીવીલ જજ, સાહેબશ્રીની કોર્ટમાં, દેત્રોજ**

---

**<u>રે.દી.મુ.નં.૭૪–૨૦૨૨</u>**
**આંક–**

---

**વાદી :– મેનેજરશ્રી,સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા–કટોસણ રોડ શાખા,**

ઉ.વ.આ.પુખ્ત, ધંધો–નોકરી, ધર્મે–હિન્દુ,

રહે.કટોસણ રોડ,તા.દેત્રોજ–રામપુરા, જી.અમદાવાદ.

**વિરુધ્ધ**

**પ્રતિવાદી:– (૧) ડુંગરજી રૂપસંગજી ઠાકોર**

**(૨) સંતોકબેન રૂપસંગજી ઠાકોર**

**(૩) રૂપસંગજી મફાજી ઠાકોર**

**(આંક–૨૬ હેઠળ હુકમ કરી ડીલીટ કરેલ છે)**

**(૪) કપુરજી રૂપસંગજી ઠાકોર**

**(૫) રમેશજી રૂપસંગજી ઠાકોર**

**(૬) રંગાજી રૂપસંગજી ઠાકોર**

ઉ.વ.આ.પુખ્ત, ધંધો–ખેતી, ધર્મે–હિન્દુ,

રહે.વડોસણ, તા.જી.મહેસાણા

---

**બાબત– દાવો રુા.૩,૦૧,૦૨૧/– ના આંકથી**

---

**વાદી તરફે વિ.વકીલશ્રી– આર.એ.શાહ**
**પ્રતિવાદી તરફે વિ.વકીલશ્રી– એકસપાર્ટી**

---

**::: જ જ મે ન્ટ:::**

(૧) હાલનો દાવા વાદી બેંકે આ કામના પ્રતિવાદીઓ વિરુધ્ધ વાદી બેંકની લેણી રકમ રસુલ મેળવવા લાખલ કરેલ છે. વાદીની દાવાનું ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના પ્રતિવાદીઓ રહે.મુ.પો. વડોસણ, તા.જી.મહેસાણાનાઓએ સંયુકત રીતે કે.સી.સી. લોન ધિરાણ મેળવવા અરજી કરેલ. જે અરજી અનુસંધાને આ કામના પ્રતિવાદીઓના કે.સી.સી. લોન ધિરાણ રૂા.૨,૩૬,૦૦૦/-(અંકે રૂપિયા બે લાખ છત્રીસ હજાર પુરા) તા.૨૯-૦૪-૨૦૧૬ ના રોજ મંજુર કરવામાં આવેલ અને આ કામના પ્રતિવાદીઓને નકકી થયા પ્રમાણેના વર્ષે નકકી થયા પ્રમાણેની ધિરાણની રકમ આપવામાં આવેલ અને સદર ધિરાણની પ્રક્રિયા અંગે આ કામના પ્રતિવાદીઓએ તેમની અરજી તેમજ તે સાથે આ કામના પ્રતિવાદીઓએ લેટર ઓફ એરેન્જમેન્ટ ,શાનગીરોનો કરાર,ટર્મ્સ એન્ડ કંડીશન ઓફ સેંકશન એગ્રીકલ્ચર ઓફ કેશ ક્રેડીટ પાર્ટ-૧,પાર્ટ-૩,એનેક્ષર-એચ,એનેક્ષર-જી,એનેક્ષર-આઇ તેમજ અન્ય જરૂરી દસ્તાવેજો તેઓ વાદી બેંકને તેમની સહી /અંગુઠા કરીને વાદી બેંકની તરફેણમાં કરી આપેલ અને તે ધિરાણની રકમ આ કામના પ્રતિવાદીઓને વાદી બેંકને હપ્તાઓથી કરાર પ્રમાણે વ્યાજ સહિત ભરપાઇ કરવાની સવલત વાદી બેંક તરફથી આપવામાં આવેલી તેમજ જો આ કામના પ્રતિવાદીઓ નકકી થયા પ્રમાણેના સમયે ધિરાણની રકમ ન ચુકવે તો વધારાના કરાર મુજબ દંડનીય વ્યાજ સહિત પ્રતિવાદીઓએ વ્યાજ ચુકવવાનું રહેશે તેવું પણ પ્રતિવાદીઓ સાથે નકકી થયેલ. આ કામના પ્રતિવાદીઓએ તેમની જમીન ઉપર બોજો પણ નોંધાવી આપેલ હતો. આ કામના પ્રતિવાદીઓનું વાદી બેંકની શાખામાં લીધેલ ધિરાણ અંગે ખાતા નં. ૩૫૭૩૭૯૯૨૯૫૨ થી ખાતુ ચાલતું આવેલ છે અને આ કામના પ્રતિવાદીઓ સદર ધિરાણ ચુકવવામાં તેમજ હપ્તાની રકમ ચુકવવામાં બેદરકાર રહેલ છે અને પ્રતિવાદીઓએ ધિરાણની રકમ ભરપાઇ નહી કરતા વાદી બેંકે આ કામના પ્રતિવાદીને અવાર નવાર ધિરાણ ભરપાઇ કરવા અંગે લેખિત મૌખિક

જાણ કરેલ. વધુમાં વાદી બેંકે આગળ જણાવેલ છે કે, વાદી બેંકે અવાર નવાર મૌખિક તેમજ લેખિત સુચનાઓ રકમ ભરપાઇ કરવા આપેલ હોવા છતાં પ્રતિવાદીઓએ રીવાઇવલ લેટર પણ લખી આપેલ હોય/ધિરાણ પણ રીન્યુઅલ કરાવેલ હોય છતાં વાદી બેંકની લેણી કરમ ભરપાઇ કરેલ ન હોઇ આ કામના પ્રતિવાદીઓ પાસે વાદી બેંકનું તા.૩૧-૦૩-૨૦૨૨ ના રોજની સ્થિતિએ રૂા.૩,૦૧,૦૨૧/-(અંકે રૂપિયા ત્રણ લાખ એક હજાર એકવીસ રૂપિયા પુરા)નું લેણું પડે છે જે રકમ વ્યાજ સાથે વસુલ મેળવવા વાદી બેંકને હાલનો દાવો દાખલ કરવાની ફરજ પડેલ છે તેમ જણાવી વાદી બેંકએ હાલના દાવાના કામે નીચે મુજબની દાદ માંગેલ છે.

**<u>માંગવામાં આવેલ દાદઃ-</u>**

**(અ)** આ કામના પ્રતિવાદીઓએ નામદાર કોર્ટની હકુમતમાં વાદી બેંકમાંથી ધિરાણ મેળવવા પ્રક્રિયા કરતાં પ્રતિવાદીઓનું રૂા.૨,૩૬,૦૦૦/-(અંકે રૂપિયા બે લાખ છત્રીસ હજાર પુરા) ની લીમીટનું તેઓની દાવા અરજીમાં જણાવ્યા પ્રમાણેનું વાદી બેંક દ્ધારા ધિરાણ મંજુર કરવામાં આવેલ હોય અને તે મંજુર થયા બાદ નકકી થયા પ્રમાણેના વર્ષે પ્રતિવાદીઓએ વાદી બેંકમાંથી નકકી થયા પ્રમાણએનું ધિરાણ મેળવેલ હોય અને તે ધિરાણની વાદી બેંકનીરૂા.૩,૦૧,૦૨૧/-(અંકે રૂપિયા ત્રણ લાખ એક હજાર એકવીસ રૂપિયા પુરા) ની જે લેણી રકમ પડે છે તે રકમ આ કામના પ્રતિવાદીઓ વાદી બેંકને ૧૪ ટકાના ચઢેલ/ચઢતા વ્યાજ સાથે ચુકવી આપે તેવું હુકમનામું વાદી બેંકના લાભમાં તેમજ આ કામના પ્રતિવાદીઓ વિરુધ્ધ કરી આપવા નમ્ર અરજ છે.

**(બ)** વાદી બેંક આ કામના પ્રતિવાદી પાસેથી ઉપરોકત જણાવ્યા પ્રમાણેની ચઢતી લેણી રકમ સહિતની રકમ પ્રતિવાદીની હરકોઇ સ્થાવર-જંગમ મિલકત કે જાતથી વાદી બેંક વસુલ કરી લઇએ તેવો વાદી બેંકના લાભમાં હુકમ તેમજ હુકમનામું કરી આપવા દાદ માંગેલ છે.

**(ક)** આ દાવો તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી વસુલ અપાવવા દાદ માંગેલ છે.

(ડ) આ દાવાને લગતી બીજી વાજબી અને આનુસાંગિક દાદ કે દાદો વાદી બેંકના લાભમાં તેમજ પ્રતિવાદી વિરુધ્ધ અપાવવા અરજ છે.

(૨) આ કામના વાદીના હાલના દાવાનો આ કામના પ્રતિવાદીઓને ધોરણસર સમન્સ કરતાં, સમન્સની ધોરણસર બજવણી થયેલ હોવા છતાં પ્રતિવાદીઓ કે તેઓના તરફે કોઈ વકીલશ્રી અદાલત રૂબરૂ હાજર રહેલ નહી હોય કે કોઈ રીપોર્ટ રજુ કરવામાં આવેલ ન હોય જેથી પ્રતિવાદીઓ સામે પ્રસ્તુત કામ એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે. વધુમાં પ્રતિવાદી નં.૩ નાઓને દાવાના કામે ડીલીટ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) આ કામે વાદીએ ઉપરોકત મુદાઓ તેઓની તરફેણમાં પુરવાર કરવા સારુ પોતાની પક્ષના સમર્થનમાં નીચે મુજબનો દસ્તાવેજી તથા મૌખિક પુરાવો રજુ કરેલ છે.

| **ક્રમ** | **આંક** | **મૌખિક પુરાવાનું વર્ણન** |
|---|---|---|
| ૧ | ૩૯ | વાદી પ્રભુવનકુમાર પ્રધાનનું સરતપાસનું સોગંદનામું |

| **ક્રમ** | **આંક** | **દસ્તાવેજી પુરાવાનું વર્ણન** |
|---|---|---|
| ૧ | ૪૨ | આ કામના પ્રતિવાદીની અસલ લોન અરજી તા.૨૯–૦૪–૨૦૧૬ |
| ૨ | ૪૩ | પ્રતિવાદીએ કરી આપેલ હાઈપોથીકેશન એગ્રીમેન્ટ અસલ. તા.૨૯–૦૪–૨૦૧૬ |
| ૩ | ૪૪ | પ્રતિવાદીએ કરી આપેલ લેટર ઓફ એરેન્જમેન્ટ અસલ. તા.૨૯–૦૪–૨૦૧૬ |
| ૪ | ૪૫ | પ્રતિવાદીએ કરી આપેલ એનેક્ષર–૬.૨ અસલ તા.૨૯–૦૪–૨૦૧૬ |
| ૫ | ૪૬ | પ્રતિવાદીએ ટર્મ્સ એન્ડ કન્ડીશન ઓફ સેકશન તા.૨૯–૦૪–૨૦૧૬ |

| | | |
|---|---|---|
| ૬ | ૪૭ | પ્રતિવાદીએ કરી આપેલ એનેક્ષર–એચ અસલ. તા.૨૯–૦૪–૨૦૧૬ |
| ૭ | ૪૮ | પ્રતિવાદીએ કરી આપેલ એનેક્ષર–જી અસલ. તા.૨૯–૦૪–૨૦૧૬ |
| ૮ | ૪૯ | પ્રતિવાદીએ કરી આપેલ એનેક્ષર–આઈ અસલ. તા.૨૯–૦૪–૨૦૧૬ |
| ૯ | ૫૦ | પ્રતિવાદીએ લખી આપેલ રીવાઈવલ લેટર તા.૨૯–૦૪–૨૦૧૬ |
| ૧૦ | ૫૧ | પ્રતિવાદીના લોન ખાતાનું સહી/સીકકાવાળુ સ્ટેટમેન્ટ |

(૪) ત્યારબાદ વાદી તરફે **આંક–૫૨** થી કલોઝીંગ પુરસીસ રજુ કરી પુરાવો પુરો થયાનું જાહેર કરવામાં આવેલ છે.

(૫) ત્યારબાદ સદર કામ દલીલના તબકકે આવતા આ કામે વાદી તરફે વિ.વ.શ્રી.આર.એ.શાહની દલીલો સાંભળવામાં આવેલ છે જેમાં વાદીના વિ.વ.શ્રીએ દાવા અરજની હકીકતોની પુનરુકિત કરેલ છે અને પડેલ પુરાવાને ધ્યાને લેતા વાદી ઉપરોકત મુદાઓ તેઓની તરફેણમાં સાબિત કરતાં હોય વાદીનો દાવો મંજુર કરવા દલીલ કરેલ છે.

(૬) વાદીની દાવા અરજ વંચાણે લેતાં હાલના દાવાના ન્યાયિક નિરાકરણ માટે મારા સમક્ષ નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

**(1)** Whether plaintiff-Bank proves that the plaintiff bank has approved a loan of defendant for Rs.2,36,000/- on Dt. 29.04. 2016 ?

**(2)** Whether plaintiff-Bank proves that amount of Rs.3,01,021/- are due from defendants as on 31.03.2022 ?

**(3)** Whether plaintiff-Bank proves that the defendants have duly acknowledged the debt within the time prescribed by law of limitation ?

**(4)** Whether plaintiff-Bank proves that the plaintiff-Bank is entitled to recover Rs,3,01,021/- jointly and severally from persons and properties of the defendants ?

**(5)** Whether the plaintiff-Bank is entitled to get Interest ? If yes at what rate ?

**(6)** What Order and Decree ?

(૭) આ કામે વાદીની દાવા અરજ તથા વાદી તરફે રજુ કરવામાં આવેલ ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા તેમજ આ કામના વાદીના વિ.વકીલશ્રીની મૌખિક દલીલો ધ્યાને લેતા ઉપરોકત મુદાઓના મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) અંશતઃહકારમાં

(૪) અંશતઃહકારમાં

(૫) અંશતઃહકારમાં

(૬) આખરી હુકમ મુજબ.

(૮) આ કામના ઉપરોકત ન્યાયિક નિર્ણય માટેના મુદાઓના મારા ઉપરોકત ન્યાયિક નિર્ણયોના મારા કારણો નીચે મુજબ છે.

**<u>(૮.૧) મુદા નંબર– ૧ તથા ૨ સંયુકત ચર્ચાઓઃ</u>–**

આ કામે ઉપરોકત મુદા નંબર–૧ તથા ૨ વંચાણે લેતા સદર મુદાઓ સાબિત કરવાનો બોજો આ કામના વાદીના શીરે હોવાનું જણાય છે. આ કામે વાદી બેંક તરફે ઉપરોકત મુદા નંબર–૧ તથા ૨ તેઓની તરફેણમાં સાબિત કરવા સારુ આ કામે વાદી બેંક તરફે આંક–૩૯ થી વાદી બેંક શાખાના મેનેજર પ્રભુવનકુમાર પ્રધાનનું સી.પી.સી.ઓર્ડર–૧૮,રૂલ–૪ મુજબનું સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ છે અને સદરહું સરતપાસના સોગંદનામામાં વાદી ધ્વારા મહદઅંશે પોતાની દાવા અરજી મુજબની હકીકતોનું પુનવાવર્તન કરેલ

હોવાની તેની ફરીથી ચર્ચા કરેલ નથી અને સદરહું કામમાં પ્રતિવાદીઓ તરફે કોઇ હાજર ન હોવાથી વાદીની તેઓ તરફે કોઈ ઉલટ તપાસ પણ કરવામાં આવેલ નથી.

**(૮.૨)** સદર કામે વાદી બેંકે એ હકીકત પુરવાર કરવાની છે કે બેંકના ઓથોરાઈઝડ વ્યકિતએ દાવા અરજીમાં સહી કરેલ છે અને તેની ચકાસણી કરવામાં આવેલ છે. ત્યારે આંક-૧ ની દાવા અરજી લક્ષમાં લેતાં, તેમાં વાદી બેંકના મેનેજરે સહી કરેલ હોવાનું અને તેઓએ સોગંદનામું કરી, દાવો દાખલ કરેલ હોવાની હકીકત જણાઇ આવે છે જથી વાદી બેંક તરફે પ્રતિવાદીઓ સામે રકમ વસુલ મેળવવા દાવો કરેલ છે તે સત્ય હોવાનું ન માનવાને કોઈ કારણ નથી. વધુમાં વાદી તરફે રજુ થયેલ આંક-૪૨ થી ૫૧ સુધીના તમામ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતાં, આ કામના પ્રતિવાદીએ વાદી બેંકમાં ખેતીના વિકાસ માટે લોન બેંકની તરફેણમાં કરવાના થતા દસ્તાવેજો કરી આપેલ તે અંગેના વાદી તરફે રજુ આંક-૪૨ થી ૫૧ ના દસ્તાવેજો પરથી સ્પષ્ટ જણાઇ આવે છે. વાદી તરફે આંક-૪૨ થી પ્રતિવાદીની અસલ લોન અરજી રજુ છે. જે જોતાં, તેમાં દાવામાં માંગ્યા મુજબની લોનની રકમ બાકી નીકળે છે. તદઉપરાંત આંક-૪૩ થી લેટર હાઈપોથીકેશન એગ્રીમેન્ટ રજુ કરેલ છે,જેના ઉપરથી સ્પષ્ટ થાય છે કે, વાદીના બેંકની તરફેણમાં પ્રતિવાદીઓએ દસ્તાવેજ કરી આપેલા છે અને લોન લીધેલ છે તથા પ્રતિવાદીઓએ સદર લોન પેટેની રકમ ભરપાઇ કરેલ નથી. વધુમાં સદર કામે રજુ દસ્તાવેજો ધ્યાને લેતાં, પ્રતિવાદીઓએ વાદી બેંકે કરી આપેલ દસ્તાવેજો વાદી બેંકની તરફેણમાં છે જેમાં પ્રતિવાદીઓની સહી/અંગુઠાના નિશાન સ્પષ્ટ જણાય છે. જેથી પ્રતિવાદીઓને, વાદી બેંકના દસ્તાવેજમાં કરેલ શરતોનું જ્ઞાન છે તેવું જણાઈ આવે છે. વધુમાં પ્રતિવાદીને આપેલ લોન નિયત સમયમાં નિયત કરેલ હપ્તાથી ભરપાઇ કરેલ ન હોય તેથી વાદી બેંકની લેણી રકમ ભરપાઈ કરી જવા અનેક વખત રૂબરૂ કરેલ હોવા છતાં પ્રતિવાદીઓએ બાકી રકમ ભરપાઈ કરેલ નથી તેવું દાવા અરજીમાં સ્પષ્ટ જણાવેલ છે. જેથી આ કામના વાદીએ, પ્રતિવાદીઓને તેઓનું બેંકનું લેણું

ભરપાઈ કરવા જાણ કરેલ છે તેવુ જણાઈ આવે છે. ઉપરોકત તમામ અસલ દસ્તાવેજી પુરાવાઓનો પ્રતિવાદીઓ દ્ધારા કોઇ વિરોધ કરવામાં આવેલ નથી કે તેનું ખંડન થઇ શકે તેવા કોઇ દસ્તાવેજી પુરાવા રજુ થઇ શકેલ નથી, તેવા સંજોગોમાં, સદરહું તમામ અસલ દસ્તાવેજી પુરાવાઓ બેંકના રોજબરોજના કાર્યો દરમિયાન તૈયાર કરવામાં આવેલા છે અને વાદી બેંક ધ્વારા પોતાના મૌખિક પુરાવાથી પણ તેને સાબિત કરેલ છે ત્યારે તેને નહી માનવાને કોઈ કારમ જણાતું નથી. ત્યારે વાદી મુદા નં.૧ પુરવાર કરવામાં સફળ રહેલ હોય, જેથી મુદા નં.૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**<u>મુદા નંબર– ૨ ની ચર્ચાઓઃ–</u>**

(૯) વાદીનો હાલનો દાવા તા.૦૪–૦૭–૨૦૨૨ રોજ અત્રેની અદાલતમાં પ્રતિવાદી વિરુધ્ધ દાખલ કરેલ છે, લોનના વહેવાર અંગે પ્રતિવાદીએ તા.૨૯–૦૪–૨૦૧૬ થી લેટર ઓફ એરેન્જમેન્ટ કરી આપેલ છે. જે આંક–૪૪ થી રજુ છે.ત્યારબાદ આંક–૫૦ થી રીવાઇવલ લેટર રજુ રાખેલ છે. જેમાં તા.૨૦–૦૯–૨૦૧૯ ના રોજ પ્રતિવાદીઓ દ્ધારા બેંકને આપવામાં આવેલ લોન રીવાઇવલ લેટર રજુ છે. વધુમાં મજકુર ફરિયાદ દાખલ કરવાનો સમય ભારત સરકાર દ્ધારા લોકડાઉન જાહેર કરવામાં આવેલ હોય તમામ કોર્ટો બંધ રહેલ છે નામદાર સુપ્રિમ કોર્ટના જજમેન્ટ ૨૦૨૦ (૨) એએલટી પેજ નં. ૧૯૯ (એસસી)ને ધ્યાને લેતા તેમજ ફરી વખત નામદાર સુપ્રિમ કોર્ટે લીમીટેશનમાં છુટ આપતા અરજી દાખલ કરવામાં થયેલ વિલંબ લીમીટેશન પિરીયડ માંથી બાદ ગણવામાં આવે છે. જેથી સદર દાવાને સમય મર્યાદાનો કોઇ બાદ નડતો નથી. જેથી મુદા નં.૨ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**<u>મુદા નંબર– ૩ થી ૫ ની ચર્ચાઓઃ–</u>**

(૧૦) ત્યારબાદ વાદી બેંક ધ્વારા પ્રતિવાદીઓની અસલ લોન અરજી આંક–૪૨ થી રજુ કરેલ છે. જેમાં પ્રતિવાદીઓએ રૂા.૨,૩૬,૦૦૦/–

(અંકે રૂપિયા બે લાખ છત્રીસ હજાર પુરા) ની રકમ ઉપાડેલી છે અને તે પ્રમાણે વાદી બેંકના પ્રતિવાદીઓ પાસે લોનની રકમ રૂા.૩,૦૧,૦૨૧/- (અંકે રૂપિયા ત્રણ લાખ એક હજાર એકવીસ રૂપિયા પુરા) કાયદેસરના બાકી નીકળે છે તેવી હકીકત સાબિત થાય છે. ઉપરોકત તમામ અસલ દસ્તાવેજી પુરાવાઓનો પ્રતિવાદીઓ દ્બારા કોઇ વિરોધ કરવામાં આવેલ નથી કે તેનું ખંડન થઇ શકે તેવા કોઇ દસ્તાવેજી પુરાવા રજુ થઇ શકેલ નથી, તેવા સંજોગોમાં, સદરહુ તમામ અસલ દસ્તાવેજી પુરાવાઓ બેંકના રોજ બરોજના કાર્યો દરમિયાન તૈયાર કરવામાં આવેલા છે અને વાદી બેંક દ્બારા પોતાના મૌખિક પુરાવાથી પણ તેનો સાબિત કરેલ છે ત્યારે તેને નહી માનવાને કોઇ કારણ જણાતુ ન હોય, પ્રતિવાદીઓ વાદી બેંકની લેણી રકમ રૂા.૩,૦૧,૦૨૧/-(અંકે રૂપિયા ત્રણ લાખ એક હજાર એકવીસ રૂપિયા પુરા) ચુકવવા જવાબદાર બને છે. ત્યારબાદ આ કામના વાદી ચડત લેણી રકમ ઉપર કેટલું વ્યાજ મેળવવા હકકદાર છે તે અંગે ચર્ચા કરીએ તો વાદી ધ્વારા રજુ કરેલ ટર્મ લોન એગ્રીમેન્ટ પ્રમાણે આ કામના પક્ષકારો વચ્ચે રીઝર્વ બેંક ધ્વારા વ્યાજના દરમાં થતાં ફેરફારને આધિન ચુકવવાનું નકકી કરવામાં આવેલ છે. જયારે હાલના દાવામાં વાદીએ ૧૪ ટકા ના વ્યાજ દરે વ્યાજની માંગણી કરેલ છે. વાદીએ આંક-૪૪ થી લેટર ઓફ એરેજમેન્ટનો દસ્તાવેજ રજુ કરેલ છે તેમાં વ્યાજનો દર ૧૦ ટકા દર્શાવેલ છે. તેમજ વાદીએ દાવામાં જણાવ્યા મુજબ ૧૪ ટકા (હાલના રીઝર્વ બેંકના દર મુજબ) વસુલ અપાવવા દાદ માંગેલ છે. જેથી વાદીએ આપેલ ધિરાણ ઉપર વાર્ષિક ૦૯ ટકા નિયમ પ્રમાણે મેળવવા હકકદાર છે તેવું અત્રેની અદાલતનું માનવું છે. ત્યારે તમામ જમા રકમો બાદ કરતા હાલના વાદી,પ્રતિવાદીઓ સંયુકત્ત તેમજ વિભકત રીતે પાસેતી બાકી રહેતી લેણી રકમ રૂા.૩,૦૧,૦૨૧/-(અંકે રૂપિયા ત્રણ લાખ એક હજાર એકવીસ રૂપિયા પુરા) તા.૩૧-૦૩-૨૦૨૨ થી ૦૯ ટકાના દરે વ્યાજ મેળવવા હકકદાર છે તેવું ઠરાવી મુદા નં.૩ નો જવાબ અંશતઃ હકારમાં આપવામાં આવે છે. આમ, ઉપરોકત રીતે વાદી તરફે રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ તથા વાદીના વિ.વ.શ્રીની રજુઆત તથા ઉપરોકત

રીતે મુદાઓની કરેલ ચર્ચા મુજબ હાલના વાદી, પ્રતિવાદીઓ પાસેથી બાકી રહેતી રકમ રૂા.૩,૦૧,૦૨૧/-(અંકે રૂપિયા ત્રણ લાખ એક હજાર એકવીસ રૂપિયા પુરા) થી ૦૯ ટકા વ્યાજ મેળવવા હકકદાર રહેતા હોવાનું ઠરાવેલ છે તે સિવાય વાદીને કોઇ વિશેષ દાદ આપવાનું જણાઇ આવતુ ન હોય, મુદા નં.૩ થી ૫ તમામનો જવાબ પણ અંશતઃ હકારમાં આપી, મુદા નં.૬ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**-આખરી હુકમ-**

**(૧) વાદીનો દાવો આથી અંશતઃમંજુર કરવામાં આવે છે.**

**(૨)** આ કામના પ્રતિવાદીઓઓ સંયુકત તેમજ વિભકત રીતે વાદીને રૂા.૩,૦૧,૦૨૧/-(અંકે રૂપિયા ત્રણ લાખ એક હજાર એકવીસ રૂપિયા પુરા) દાવા તારીખથી સદર રકમ વસુલ આવતા સુધી વાર્ષિક ૦૯ ટકા ના દરે વ્યાજ સહ ચુકવી આપવી.

**(૩)** પ્રતિવાદીઓ દ્વારા વાદીની લેણી પડતી રકમ ચુકવવામાં કસુર થયેથી વાદી બેંક તેઓની લેણી પડતી રકમ પ્રતિવાદીઓની જાત તેમજ તમામ મિલ્કતમાંથી વસુલ મેળવવા હકકદાર રહેશે.

**(૪)** આ હુકમ થયા સુધીમાં જો પ્રતિવાદીઓએ કોઇ રકમ ચુકવેલી હશે તો તે રકમ તેને મજરે આપવાની રહેશે.

**(૫)** વાદીનો દાવાનો ખર્ચ પ્રતિવાદીઓએ ભોગવવો.

**(૬)** હુકમ મુજબ આખરી હુકમનામું દોરવું.

હુકમ આજ રોજ તારીખઃ૧૮, માહે-માર્ચ,સને-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનું સીલ કરી જાહેર કર્યો.

**તારીખ- ૧૮.૦૩.૨૦૨૬**
**સ્થળ-દેત્રોજ**

**(હર્ષ શાંતીભાઇ રાઠોડ)**
**પ્રિન્સીપાલ સિવિલ જજ, દેત્રોજ**
**કોડ નં. જી.જે.૦૧૭૭**